Extra No. 388

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **MONDAY, NOVEMBER 3, 2025 / KARTIKA 12, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/ભાદરવા મેળા/જાહેરનામું/૩૧૦૮/૨૦૨૫, તા. ૦૨/૧૧/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે.

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૨૭૭૭ થી ૧૨૮૧૧ /૨૦૨૫- પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ આગામી તા.૦૪/૧૧/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી તિલકવાડા તાલુકાના ભાદરવા ખાતે આવેલ ભાથીજી મહારાજ તથા શંકર ભગવાનના મંદિરે મેળો ભરાનાર છે. સદરહુ મેળા દરમ્યાન ગુજરાત, મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશ રાજ્યમાંથી મોટી સંખ્યામાં લોકો નાના-મોટા વાહનો મારફતે તથા પગપાળા આવતા હોય છે.

જેના કારણે મંદિર નજીકના રાજપીપળા-વડોદરા-બોડેલી તરફનાં વાહનોની અવરજવરથી હાઈવે રોડ પર ટ્રાફીકની સમસ્યા ઉભી થાય છે અને ભેગી થનાર જનમેદનીને અવરોધરૂપ થતી હોવાથી કાયદો અને વ્યવસ્થાને અસર થાય છે. તેમજ ભારે વાહનોની અવરજવરથી અકસ્માતના કારણે જાનહાનિ થવાની શક્યતાઓ રહેતી હોય છે. જેથી તા. ૦૩/૧૧/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી સદરહુ રસ્તા પર અકતેશ્વર ચોકડીથી સુરવા ટોલનાકા સુધીનો વાહનવ્યવહાર વન-વે કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) તથા વંચાણ-(૨)થી મળેલ સત્તાની રૂએ તિલકવાડા તાલુકાના ભાદરવા ખાતે આવેલ ભાથીજી મહારાજ તથા શંકર ભગવાનના મંદિરે ભરાનાર આગામી મેળા અન્વયે તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી અકતેશ્વર ચોકડીથી સુરવા ટોલનાકા સુધી નેશનલ હાઈવે નં.૫૬ નો જમણા ભાગનો રસ્તો વાહનવ્યવહાર માટે બંધ કરી, નીચે મુજબ વન-વે કરવા આથી ફરમાવું છે.

● રાજપીપળાથી દેવલીયા તરફ અવરજવર કરતાં વાહનો અકતેશ્વર ચોકડીથી સુરવા ટોલનાકા સુધી નેશનલ હાઈવે નં.૫૬ ના ડાબા ભાગના રસ્તા પરથી પસાર થઈ શકશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી તા.૦૩/૧૧/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી તા. ૦૫/૧૧/૨૦૨૫ ના ૨૪:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કો

નર્મદા-રાજપીપળા, તા.૩જી નવેમ્બર, ૨૦૨૫

સી.કે.ઉધાડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.19 17:46:41 IST